બીજાને ચૂપ કરવા માટે પહેલાં જાતે ચૂપ થવું જોઇએ
- સેંટ મેથ્યુ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

ઈ-પેપર gandhinagarsamachar.com

વર્ષ : (૨૭) અંક નં. ૬૪ | ૧૪ મે ૨૦૧૨, સોમવાર, વૈશાખ વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦





ગાંધીનગર એટલે સાબરમતી નદીના કિનારે વસાવાયેલુ પાટનગર. આ પાટનગર નોલેજ કોરીડોર તરીકે વિકસી રહ્યું છે. નદીના ખળ ખળ વહેતા પાણીએ મા શારદાના તંબુરાના તાર બની ગુંજી રહ્યા છે. સાડાચાર દાયકાથી પણ વધુ સમય આ નગરની રચનાનો થયો છે અને ગાંધીનગરા તરીકે ઓળખાતા થયેલા બાળકલાકારોએ આજે મધર્સ ડે ની ઉજવણી પણ અનોખી રીતે કરી. સરસ્વતિની ઉપાસના કરવા તેમણે કલાની અભિવ્યક્તી કરી. ૧૪ દિવસ સુધી જુદી જુદી કલાની તાલિમો મેળવી આજે અનોખા ભારતદર્શનની ઝાંખી આ બાળકોએ કરાવી હતી. રાજસ્થાની નૃત્ય, શાસ્રીય નૃત્ય, લાવણી, ગરબો, રાસ, નાટક, સ્કીટ રંગોળી જેવી અનેકવિધ કલાઓ અભિવ્યક્ત કરાઈ હતી. (તસવીર : દિપક જાની)

# મેટ્રો રેલની પ્રથમ કનેક્ટીવિટી ગિફ્ટ સિટી

## મેટ્રો રેલ પ્રોજેક્ટમાં કોબાથી ગિફ્ટ સીટીની લાઈન પ્રથમ નાખ્યા બાદ ગાંધીનગરના અક્ષરધામ અને મહાત્મા મંદિર માટે નિર્ણય લેવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૩ અમદાવાદ-ગાંધીનગરને



જોડતી મેટ્રોરેલ પ્રોજેક્ટની પ્રથમ લાઈન ગિફ્ટસીટી લઈ જવામાં આવશે. આ પછી બીજા તબક્કામાં તે અક્ષરધામ સાથે જોડવામાં આવશે. ગાંધીનગર-અમદાવાદ વચ્ચેના આ મહત્વના પ્રોજેક્ટ માટે રૂટ એલાયનમેન્ટની કામગીરીમાં આ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. કોબા જંકશનથી સીધી ગિફ્ટસીટી સુધી આ લાઈન લઈ જવામાં આવશે.

ગાંધીનગર-અમદાવાદ વચ્ચેના આ રેલ પ્રોજેક્ટ માટે હાલ સોઈલ ટેસ્ટીંગની કામગીરી તેના અંતિમ તબક્કામાં છે. આ બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. રૂ. ૪૦ હજાર કરોડના ખર્ચે આ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવી રહ્યો છે.

પહેલાં આ મેટ્રોરેલ પ્રોજેક્ટ વાસણાથી અક્ષરધામ માટે હાથ ધરાયો હતો. પરંતુ રાજ્ય સરકારના મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ ગિફ્ટસીટીનું કામ હાલ જોરશોરથી ચાલી રહ્યું છે અને આ ગિફ્ટસીટીના બે ટાવરો ડિસેમ્બર-૨૦૧૨ સુધીમાં કાર્યરત થઈ જાય તેમ હોવાથી આ પ્રોજેક્ટમાં પહેલી પસંદગી ગિફ્ટસીટીને મેટ્રોરેલની કનેક્ટીવીટીથી સાંકળવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

મેટ્રોરેલ પ્રોજેક્ટ માટે રાજ્ય સરકારે આ વર્ષે અંદાજપત્રમાં રૂ. ૫૦૦ કરોડની જંગી ફાળવણી કરી છે. ગતવર્ષે પણ રૂ. ૫૦ કરોડની ફાળવણી કરી હતી. આ પ્રોજેક્ટના ઝડપી અમલીકરણ માટે મેગા કંપનીના ચેરમેન તરીકે નિવૃત્ત સનદી અધિકારી શ્રી સંજય ગુપ્તાની નિમણુંક પણ સરકારે કરી દીધી છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ મેટ્રોરેલ પ્રોજેક્ટ માટે સરકાર અત્યંત ઝડપથી આગળ વધવા માંગે છે અને આ અંગે ઉચ્ચસ્તરીય બે સમિતિઓની રચના પણ સરકારે કરી છે. એક સમિતિ મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષપદે કરવામાં આવી છે. જ્યારે બીજી સમિતિ મંત્રીમંડળના સભ્યોની છે.

ગિફ્ટસીટીને વિકસાવવા માટે સરકારે સમગ્ર કાર્યવાહીને અગ્રીમતા આપી છે. ગિફ્ટ સીટીના બે ટાવરો ડિસેમ્બરમાં તૈયાર થાય અને વાહન-વ્યવહારની સુવિધા ઝડપી બને તે માટે આ મેટ્રોરેલની કનેક્ટીવીટી આપવામાં આવનાર છે.

ગાંધીનગર-અમદાવાદ વચ્ચે બસ સેવાઓથી ઝડપી આ મેટ્રોરેલ બનશે તેમ મનાઈ રહ્યું છે. મેટ્રોરેલ એરપોર્ટ થઈ આવશે જેથી ગિફ્ટસીટીને જરૂરી ટ્રાફિક પણ ઉપલબ્ધ બની રહેશે તેવો અંદાજ છે.

ગાંધીનગર-અમદાવાદ વચ્ચેના મેટ્રોરેલ પ્રોજેક્ટની બીજી લાઈન અંગે હજુ નિર્ણય લેવામાં આવ્યો નથી. શહેરમાંથી આ લાઈન પસાર કરવી કે કેમ ? તેમ જ તે માટે જરૂરી ટ્રાફિક ઉપલબ્ધ બનશે કે કેમ ? જેવા પ્રશ્નો પર સર્વેલન્સ થઈ ગયો છે પણ હજુ આ અંગે નિર્ણય લેવામાં આવ્યો નથી. એક તબક્કે આ ટ્રેન મહાત્મા મંદિર અને ગાંધીનગરને જોડતી રીંગ ટ્રેકનો પણ વિચાર કરવામાં આવ્યો હતો તેમજ સબર્બન ટ્રેન જેવો દરજ્જો આપવા બાબતે પણ પ્રાથમિક વિચારણા થઈ હોવાનું જાણવા મળેલ છે.

રાજ્ય સરકાર દ્વારા મેટ્રોરેલ પ્રોજેક્ટને ઝડપી અમલી બનાવવા માટે ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું છે અને આગામી દિવસોમાં આ અંગેના સ્પષ્ટ નિર્દેશો પણ સરકાર દ્વારા આપી દેવામાં આવશે તેમ અંતરંગ સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.







Stockiest List - Gandhinagar Dist. :

S. P. : N. M. Enterprise Gandhinagar - 99099 41892

| Customer Name | City | Mobile No. |
|---|---|---|
| SHREE BRAHMANI TRADERS | ADALAJ | 97236 61259 |
| SHREE PRAMUKH TRADERS | ALAMPUR | 98255 77299 |
| SANJAR SALES | BAHIYAL | 98794 09003 |
| SHRI JALARAM TRADERS | CHANDRALA | 98983 10599 |
| MITA ENTERPRISES | CHHALA | 98988 01021 |
| AESHVI ENTERPRISE | CHILODA | 99253 74003 |
| UMIYA PLYWOOD | CHILODA | 99250 31083 |
| HET TRADERS | DABHODA | 81410 17688 |
| SHRI RAJ TRADERS | DEHGAM | 99748 54284 |
| DEV TRADER & BUILDING MATERIAL | DEHGAM | 99259 58281 |
| DHANLAXMI STEEL TRADERS | GANDHINAGAR | 97260 42556 |
| JAY BHAVNI TRADERS | GANDHINAGAR | 99987 44955 |
| JAY VISAT PIPE TRADERS | GANDHINAGAR | 94284 07632 |
| DALWADI BUILDING MATERIAL SUPP. | GANDHINAGAR | 98981 92761 |
| BHAGWATI MARKETING | GANDHINAGAR | 99250 17137 |
| SHREE GANESH STEEL CORPORATION | GANDHINAGAR | 98986 11879 |
| BRAHMANI TRADERS | KOBA | 99245 06106 |

| Customer Name | City | Mobile No. |
|---|---|---|
| MAN ENTERPRISE | KUDASAN | 94270 21817 |
| SHIVSHAKTI TRADERS | LEKAVADA | 99091 82726 |
| BRAHMANI TRADING COMPANY | LIMBODARA | 99984 90278 |
| AVADHOOT TRADERS | MAGODI | 9898790407 |
| SIDHESHWARI CEMENT DEPO | MUBRAKPUR | 94290 63823 |
| VIJAY TRADERS | PALAJ | 99040 81428 |
| SHREE LAXMINARAYAN TRADING CO. | PETHAPUR | 99789 12064 |
| GURUKRUPA TRADERS | RAKHIAL | 96011 94730 |
| PATEL KAMLESH DAHAYABHAI | RANDHEJA | 98242 81435 |
| AMRUTLALA NATHALALSHAH | SADRA | 94284 15202 |
| HETAL TRADERS | SHERTHA | 99984 66457 |
| YOGESHWAR TRADERS | VALAD | 97376 81797 |
| SHREE BHAVANI TRADERS | VAVOL | 99247 40778 |
| SHRI MAHAKALI TRADERS | ZAK | 98258 96111 |
| Company Markteing Staff : | | |
| Kartikey Vyas | | 98796 05116 |
| Kinshuk Dave | | 83475 57002 |